# ઇડીઆઇ ખાતે વર્લ્ડ ક્રિએટિવિટી એન્ડ ઇનોવેશન વીકનું સેલિબ્રેશન થયું



અમદાવાદ : આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે વર્લ્ડ ક્રિએટિવિટી એન્ડ ઈનોવેશન વીકની ઉજવણી માટે એક કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. કોન્ફરન્સનો હેતુ યંગસ્ટર્સ અને મહિલાઓમાં ક્રિએટિવિટી અને ઈનોવેશન તરફ વધારે વિચારે તે હતો. આ કોન્ફરન્સ ખાતે સાણંદ જીઆઈડીસીના વિમેન ઈન્ડસ્ટ્રિયલ પાર્કની મહિલા ઉદ્યોગ સાહસિકો તથા આર્કિટેક્ચરલ એન્જિનિયરિંગના સ્ટુડન્ટ્સે પાર્ટિસિપન્ટ્સ કર્યું હતું. કોન્ફરન્સમાં કૌશલ્ય વિકાસ, મહિલા ઉત્કર્ષ અને સસ્ટેનેબલ આર્કિટેક્ચરમાં ઈનોવેશનની ભૂમિકા પર મુખ્ય ચર્ચા કરવામાં આવી હતી. જીસીસીઆઈના પૂર્વ ચેરપર્સન નીતા શાહે જણાવ્યું હતું કે, શરૂઆતમાં કોઈપણ ઈનોવેશનની સ્વિકૃતતાનો દર ઓછો હોય છે, પરંતુ ઉદ્યોગ સાહસિકે તે અંગે ચિંતા કરવાની જરૂર નથી. ભારતના અર્થતંત્રને ઊંચો વિકાસદક હાંસલ કરવામાં મદદ મળી રહે તેવી સર્જનાત્મકતા અને નવીન વિચારોનો અભાવ છે. આથી આપણને એવા પ્લેટફોર્મની જરૂર છે જે પોતાના બિઝનેસમેનને તેમની પ્રોડક્ટ અને સર્વિસિસમાં ઈનોવેશનને સાંકળવા માટે પ્રોત્સાહન આવી શકે. ઈ.ડી.આઈ. આઈ.ના ફેકલ્ટી ડો. નિરાલી પંડિતે જણાવ્યું હતું કે, આ વર્કશોપના આયોજનનો અમારો ઉદ્દેશ્ય ઊભરતા ઉદ્યોગ સાહસિકો અને સ્ટુડન્ટ્સને માર્ગદર્શન અને તેમની ક્વેરી વિશે વાત કરવાના છે.